-4

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

બ્લોક નં.૨, પહેલો માળ,

સચિવાલય, ગાંધીનગર.

જાહેરાત ક્રમાંક: ૦૧/૨૦૨૫-૨૬

## લીગલ એડવાઇઝરની કરાર આધારિત જગ્યા ભરતી

ગૃહ વિભાગ, સચિવાલય, બ્લોક નં.૨, પહેલો માળ, સરદાર ભવન. જાહેરાત ક્રમાંક:૧/૨૦૨૫-૨૬. ગૃહ વિભાગ(ખુદ)ની લીગલ એડવાઇઝરની ૦૧ (એક) જગ્યા પર કરાર આધારિત ધોરણે ભરવા ઇચ્છુક ઉમેદવારો પાસેથી નીચેની વિગતોએ નિયત નમૂનામાં અરજી મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| જગ્યાનું નામ | લીગલ એડવાઇઝર (૧૧ માસ માટે કરાર આધારિત) |
| કુલ જગ્યા | ૦૧ |
| વય મર્યાદા | મહત્તમ ૫૦ વર્ષ |
| પગાર અને ભથ્થા | ૬૦,૦૦૦/- માસિક એકત્રિત રકમ |
| લાયકાત અને અનુભવ | (૧) માન્ય યુનિવર્સિટીની કાયદાના સ્નાતકની પદવી (L.L.B.)<br>(૨) વકીલાતની કામગીરીનો લઘુત્તમ પાંચ વર્ષનો અનુભવ. તે પૈકી નામ. હાઇકોર્ટમાં ઓછામાં ઓછો ૩ વર્ષની વકીલાતનો અનુભવ અથવા સરકારી વિભાગો/ વિભાગીય કચેરીઓમાં સરકાર વતી નામ. સુપ્રીમકોર્ટ /હાઇકોર્ટ કેસમાં બચાવની કામગીરીનો ૩ વર્ષનો અનુભવ.<br>(૩) CCC+ કક્ષાનું કોમ્પ્યુટરનું જ્ઞાન |

અન્ય વિગતો :

(૧) ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષા પરનું પ્રભુત્વ ઇચ્છનીય છે.

(૨) બાર કાઉન્સીલ ઓફ ગુજરાત તથા બાર કાઉન્સીલ ઓફ ઇન્ડિયામાં Enrolment હોવું ફરજિયાત.

(૩) અરજી પત્રક સાથે 'ઉપ સચિવ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર' ના નામનો રૂ.૧૦૦/- નો Demand Draft મોકલવાનો રહેશે.

(૪) સંપૂર્ણ વિગતો સાથે ભરાયેલ અરજી પત્રક જરૂરી પ્રમાણપત્રોની નકલ સાથે જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી દિન-૧૫ સુધીમાં મળે તે રીતે સંયુક્ત સચિવશ્રી(મહેકમ), ગૃહ વિભાગ, બ્લોક નં.૨, પહેલો માળ, સચિવાલય, સરદાર ભવન, ગાંધીનગરના નામે મોકલી આપવાની રહેશે.

(૫) જાહેરાત અંગે વિગતવાર માહિતી તથા લીગલ એડવાઇઝરની જગ્યાની બોલીઓ/શરતો અને ફરજો/કામગીરી વિભાગની વેબસાઇટ http://home.gujarat.gov.in ઉપર મૂકવામાં આવેલ છે.

# અરજી પત્રક

પ્રતિ

સંયુક્ત સચિવશ્રી (મહેકમ),

ગૃહ વિભાગ,

બ્લોક નં.૨, પહેલો માળ,

સચિવાલય, ગાંધીનગર.

| ઉમેદવારનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો |
|---|

વિષય:- લીગલ એડવાઇઝરની કરાર આધારિત જગ્યા માટે ઉમેદવારી નોંધાવવા બાબત

<table>
<tr><td rowspan="2">૧</td><td rowspan="2">અરજદારનું પૂરુ નામ:</td><td colspan="6"></td></tr>
<tr><td colspan="2">અટક</td><td colspan="2">નામ</td><td colspan="2">પિતા/પતિનું નામ</td></tr>
<tr><td rowspan="3">૨</td><td rowspan="3">પત્ર વ્યવહારનું સરનામું તથા મોબાઇલ નંબર :</td><td colspan="6"></td></tr>
<tr><td colspan="6"></td></tr>
<tr><td colspan="6"></td></tr>
<tr><td>૩</td><td>જન્મ તારીખ :</td><td colspan="6"></td></tr>
<tr><td>૪</td><td>ઉંમર (તા.૦૧/૦૧/૨૦૨૫ ના રોજ)</td><td colspan="6"></td></tr>
<tr><td rowspan="5">૫</td><td colspan="7">શૈક્ષણિક લાયકાત</td></tr>
<tr><td>ક્રમ</td><td>પદવી</td><td colspan="3">માન્ય યુનિવર્સિટીનું નામ</td><td>પાસ કર્યાનું વર્ષ</td><td>મેળવેલ ટકાવારી</td></tr>
<tr><td></td><td></td><td colspan="3"></td><td></td><td></td></tr>
<tr><td></td><td></td><td colspan="3"></td><td></td><td></td></tr>
<tr><td></td><td></td><td colspan="3"></td><td></td><td></td></tr>
<tr><td>૬</td><td>અન્ય લાયકાત</td><td colspan="6"></td></tr>
<tr><td>૭</td><td>બાર કાઉન્સિલ ઓફ ગુજરાત/ બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયામાં રજીસ્ટ્રેશન કરાવ્યા તારીખ</td><td colspan="6"></td></tr>
<tr><td>૮</td><td>અનુભવ</td><td colspan="6"></td></tr>
</table>

## બાહેંધરી પત્રક

આથી હું .......................................................................................... જાહેર કરું છું કે ઉપર દર્શાવેલ વિગતો સંપૂર્ણપણે સત્ય છે. જો આ વિગતો ખોટી કે ગેરમાર્ગે દોરનારી જણાશે તો, આ અંગેની પસંદગી સમિતિનો નિર્ણય મને બંધનકર્તા રહેશે.

..........................

અરજી કર્યા તારીખ :

(ઉમેદવારની સહી)

## લીગલ એડવાઇઝરની કરાર આધારિત નિમણૂંક માટેની શરતો :

**૧.** લીગલ એડવાઇઝરની નિમણૂંક તેઓ જે તારીખે ફરજ પર હાજર થાય તે તારીખથી ૧૧ માસની મુદત માટે અથવા જગ્યાની મુદત સુધીની રહેશે.

**૨.** નિમણૂંક કરનાર કે નિમણૂંક પામનાર બંને પક્ષો એક માસની નોટીસ આપીને આ નિયુક્તિનો અંત લાવી શકશે.

**૩.** લીગલ એડવાઇઝરને આ જગ્યા પર રૂ.૬૦,૦૦૦/ – ના એકત્રિત વેતન પર કોઇ પણ જાતના ભથ્થાં મળવાપાત્ર થશે નહિં.

**૪.** કરારના સમય દરમ્યાન તેઓને એકત્રિત વેતનમાં કોઇ પણ પ્રકારનો વધારો કે ઇજાફો મળવાપાત્ર થશે નહિં તથા મોંઘવારી ભથ્થું, વચગાળાની રાહત તથા બીજા લાભો મળવાપાત્ર થશે નહિં.

**૫.** કરારના સમયગાળા દરમ્યાનની નોકરી બદલ પેન્શન, બોનસ, એલ.ટી.સી., એન્કેશમેન્ટ ઓફ લીવ, પેશગી કે તેવા અન્ય નાણાંકીય લાભો મળવાપાત્ર થશે નહિં.

**૬.** કરારના સમયગાળા દરમ્યાન તેઓનું અવસાન થાય તો તેમણે બજાવેલ સમયગાળાની એકત્રિત લેણી રકમ તેઓના કુટુંબીજનોને મળવાપાત્ર થશે. બીજા કોઇ નાણાકીય લાભ, એક્ષગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષંગિક લાભ મળવાપાત્ર થશે નહિં.

**૭.** લીગલ એડવાઇઝરે સમાન સંવર્ગના અધિકારીએ જે ફરજ બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે. તેવા અધિકારીઓ માટે કચેરીમાં ફરજ પાલન માટે જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કરાર આધારિત અધિકારીએ પણ કચેરીમાં હાજરી આપવાની રહેશે.

૮. લીગલ એડવાઇઝરને ઉક્ત સમય દરમ્યાન માસિક–૧ પરચૂરણ રજા મળવાપાત્ર થશે. અન્ય કોઇ રજા મળવાપાત્ર થશે નહિં.

૯. લીગલ એડવાઇઝરે કાર્ય મથક પર રહેઠાણ રાખવાનું ફરજિયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર તેઓ મુખ્ય મથક છોડી શકશે નહિં. સરકારી કામ માટે તેઓ ચોવીસ કલાક બંધાયેલ છે અને સરકારને તેમની સેવાની જરૂર પડે ત્યારે અચૂક હાજર રહેવાનું રહેશે.

**૧૦.** લીગલ એડવાઇઝરને સરકારી કામ માટે પ્રવાસ પર જવાનું થાય તો સરકારશ્રીના વર્તમાન ધારાધોરણ મુજબ મુસાફરી ભથ્થુ અને દૈનિક ભથ્થુ મળવાપાત્ર રહેશે.

**૧૧.** લીગલ એડવાઇઝરને ગુજરાત સીવીલ સર્વિસીઝ (કન્ડક્ટ) ૧૯૭૧ માં ઠરાવેલ બાબતો બંધનકર્તા રહેશે અને તેનો ભંગ થયેથી કરારનો સમય કોઇપણ જાતની કાર્યવાહી વગર સમાપ્ત કરી શકશે.

**૧૨.** લીગલ એડવાઇઝરે તેઓને મળનાર એકત્રિત વેતનની ત્રણ ગણી રકમનું બોન્ડ આપવાનું રહેશે.

**૧૩.** લીગલ એડવાઇઝરે દર મહિને કેટલા કેસોમાં હાજર રહ્યા કેટલા કોર્ટ કેસોનો નિકાલ થયો તે પૈકી કેટલા કેસોમાં સરકાર પક્ષે તેમજ કેટલા કેસોમાં સરકાર વિરુદ્ધ ચુકાદા આવ્યા તેની કોર્ટ/કેસવારની ચોક્કસ માહિતી અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ) ને અચૂક રજૂ કરવાની રહેશે.

**૧૪.** નિમણૂંક પત્ર મળ્યા તારીખથી દિન–૭ માં વિભાગમાં ફરજ પર હાજર થવાનું રહેશે. જો તેઓ તેમ કરવામાં નિષ્ફળ જશે તો તેઓને આ નિમણૂંક સ્વીકાર્ય નથી તેમ ગણીને આગળની કાર્યવાહી કરવામાં આવશે.